# શહેરમાં ૨૩ અને ગ્રામ્યમાં ૧ મળી કોરોનાના વધુ ૨૪ કેસ

**શહેર-જિલ્લામાં આજે નોંધાયેલા તમામ કેસ વિદ્યાર્થીઓના : નેશનલ લો યુનિ.માં નોંધાયેલા તમામ દર્દીએ વેક્સિનના બે ડોઝ લીધા છે**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૨૩ નવા અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧ નવો કેસ નોંધાયો છે.

ગાંધીનગર શહેર સ્થિત નેશનલ લૉ યુનિ.માં આજે વધુ ૨૩ કેસ મળી આવ્યા છે. તંત્રએ તાત્કાલિક અસરથી યુનિ.ના સમગ્ર વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન તરીકે જાહેર કરી દીધેલ છે. તંત્રે આજે પણ યુનિ. કેમ્પસમાં સર્વેલન્સ તેમજ ટેસ્ટીંગની કામગીરી ચાલુ રાખી હતી.

મળતી વિગતો પ્રમાણે આજે વધુ ૭૦ જેટલા વિદ્યાર્થીઓના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. છેલ્લા ત્રણ દિવસમાં આ એક જ કેમ્પસમાં ૩૮ કેસ નોંધાયા હોવાથી તંત્રએ ત્યાં સઘન સર્વેલન્સ ચાલુ કર્યુ છે.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તમામ વિદ્યાર્થીઓએ કોરોનાના પ્રતિકાર માટે વેક્સિનના બન્ને ડોઝ લીધા હોવાથી મળેલા કેસોમાં પણ બે-સિમ્ટોમેટીક અને હળવા લક્ષણો



ધરાવતા કેસો મળ્યા છે. જેથી તંત્રએ પણ રાહત અનુભવી છે.

નેશનલ લૉ યુનિ. કેમ્પસમાં નોંધાયેલા કેસોને પગલે તંત્રએ આસપાસના વિસ્તારોમાં પણ સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે.

નોંધાયેલા ૩૮ કેસમાં ૧૯ વિદ્યાર્થીનીઓનો સમાવેશ થાય છે. એક વિદ્યાર્થીને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ જયારે બાકીના તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

તંત્રએ પણ કોરોનાના આ નોંધાયેલા કેસોમાં હોમ આઈસોલેશનમાં રહેલા તમામ દર્દીઓનું બે ટાઈમ સવાર-સાંજ મોનીટરીંગ કરવાની કામગીરી હાથ ધરી છે. સર્વેલન્સ દરમ્યાન હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી બરાબર થાય તે જોવા પણ જણાવવામાં આવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ એક કેસ કોરોનાનો નોંધાયો છે. ગાંધીનગર તાલુકામાં આ કેસ નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે ઉવારસદ ગામની ૧૯ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ કેસ સાથે એક્ટીવ કેસની સંખ્યા ૬ થઈ છે. જિલ્લાતંત્રએ ૨૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં હાલ ૪૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેર-જિલ્લામાં સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. રિકવરી રે ૯૭ ટકા ઉપર નોંધાયો હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

## બહારથી આવતા મુલાકાતીઓના ટેસ્ટ કરાવવા શૈક્ષણિક સંસ્થાઓને સૂચના

ગાંધીનગર, તા. ૯

નોલેજ સીટી તરીકે આગવી ઓળખ ઉભી કરી રહેલા ગાંધીનગરમાં નેશનલ લૉ યુનિ.માં ત્રણ દિવસમાં ૩૮ જેટલા કોરોનાના કેસો નોંધાતા હરકતમાં આવેલ જિલ્લા આરોગ્યતંત્રએ પ્રસિદ્ધ શૈક્ષણિક સંસ્થાઓને એક પત્ર પાઠવી રાજય બહારથી અને વિદેશથી આવતા મુલાકાતીઓના કોરોનાનો ટેસ્ટ કરાવવા માટે સૂચવ્યુ છે.

જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની સહિથી આ પત્ર વિવિધ શૈક્ષણિક સંસ્થાઓને પાઠવવામાં આવ્યો છે.

દરમ્યાન મળતી વિગતો પ્રમાણે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી પણ અસરકારક રીતે થાય તે માટે પણ વિશેષ સૂચનાઓ આપવામાં આવી છે.



ઉનાળો ખુબ જ આકરો બન્યો છે. આકાશી અંગારા વરસી રહ્યા છે. આખો દિવસ ગરમ લુ ફુંકાતી રહે છે. રોજગારી માટે ફૂટપાથ પર બેસીને વ્યવસાય કરતા નાના વ્યવસાયીઓ ગમે તેમ કરીને છાયો મેળવીને આકરા તાપથી બચવાનો પ્રયાસ કરે છે. નજીકમાં આવેલી તારની ફેન્સીંગ પર કાપડ લગાવીને છાયો કરીને વ્યાપાર કરતુ આ દંપતી ઘરાકીની રાહ જોઈ રહ્યું છે.

# શહેરમાં ગરમીનો મિજાજ છેલ્લા ચાર દિવસથી ઉગ્ર

**મહત્તમ તાપમાન ૪૧.૮ : ગઇકાલની સાપેક્ષમાં ગરમીમાં આંશિક રાહત પરંતુ દિવસનો ધોમધખતા તાપથી બચવા માટે નગરજનો રજાના દિવસે ઘરમાં પુરાયેલા રહેતા સેકટરોમાં સન્નાટો : મહત્તમ તાપમાન પણ ૨૫ ડીગ્રી ઉપર પહોંચી ગયુ**

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં આ વર્ષે ઉનાળાની સિઝન પ્રારંભથી આક્રમક મુડમાં છે.માર્ચ મહીનાથી જ ગરમીએ અસલ મિજાજ દેખાડવનુ શરૂ કરી દેતા શહેરીજનો અંગારા વરસાવતી ગરમીમાં શેકાઈ રહ્યા છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીએ હદ વટાવતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમીનો અહેસાસ પણ નગરજનોએ કર્યો છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રીની નજીક પહોંચી ગયુ હતુ જયારે આજે ગરમીમાં આંશિક ઘટાડો જોવા મળ્યો હતો. ૨ ડીગ્રીના ઘટાડા સાથે ગરમીનો પારો ૪૧.૮ ડીગ્રીએ રહ્યો હતો રજાના દિવસે બપોરે અંગ દઝાડતી ગરમીથી બચવા સેકટરવાસીઓ ઘરમાં પુરાયેલા રહ્યા હતા જેના લીધે સેકટરોની શેરીઓમાં દિનભર સુનકાર પ્રવર્તયો હતો.

ગાંધીનગરમાં ગરમીનો પારો રોજબરોજ ઉપર નીચે થઈ રહ્યો છે. ગઈકાલે સિઝનની મહત્તમ ગરમી નોંધાઇ હતી જયારે મહત્તમ તાપમાન પણ ૪૪ ડીગ્રીની નજીક પહોંચી ગયુ હતુ આગ ઓકતી ગરમીએ નગરજનોને ઘરમાં પુરી દીધા છે. જયારે આજે પણ ગરમીનો પારો નજીવા ઘટાડા સાથે ૪૨ ડીગ્રીની નજીક રહ્યો હતો. ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન ૨ ડીગ્રી ઘટયુ હતુ જેના લીધે નગરજનોએ પ્રમાણમાં રાહત અનુભવી હતી પરંતુ છેલ્લા ચાર દિવસથી ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. બે દિવસ અગાઉ મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રી એ પહોંચી જતા સિઝનની મહત્તમ ગરમી નગરજનોએ અનુભવી હતી જયારે ત્યારબાદ એક દિવસના અંતે જ એકાએક મહત્તમ તાપમાનમાં બીજીવાર ઉછાળો આવ્યો હતો. ગરમી વધીને ૪૪ ડીગ્રી નજીક આવતા શહેરીજનો આકાશમાં અંગારા વરસી રહ્યા હોવાનો અહેસાસ કરી રહ્યા હતા. આક્રમક ગરમીના લીધે શહેરના જનજીવનમાં પણ છેલ્લા ત્રણ ચાર દિવસથી સુનકાર જોવા મળે છે. ઉનાળો આકરો બન્યો છે. ત્યારે આમ નાગરિકો ધોમધખતા તાપમાં કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે. આજે પણ ગરમીનો મિજાજ થોડો કુણો પડયો હતો પરંતુ મહત્તમ તાપમાન ૪૧.૮ ડીગ્રી રહેતા દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. જો કે રજાનો દિવસ હોવાથી ગરમીથી પ્રભાવિત જનજીવન વચ્ચે શહેરના મુખ્યમાર્ગો પર પણ દિવસે ટ્રાફિકનુ પ્રમાણ નહીંવત જોવા મળ્યુ

● અનુસંધાન પાન-૭ પર

## આજે જિલ્લા કોંગ્રેસની ચિંતન શિબિર બ્રહ્મભવન ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની આજે ચિંતન શિબિર ગાંધીનગર સે. ૧૬ સ્થિત બ્રહ્મભવન ખાતે પ્રદેશના આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાશે. દ્વારકા ખાતે યોજાયેલ ચિંતન શિબિર પછી હવે દરેક જિલ્લામાં જિલ્લા કક્ષાની ચિંતન શિબિરોનું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેના અનુસંધાને જિલ્લાકક્ષાની આ ચિંતન શિબિરનું આયોજન કરાયુ છે. જિલ્લા કોંગ્રેસ સમિતિના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે બે તબક્કામાં આ ચિંતન શિબિર મળશે. જેમાં આગામી દિવસો માટે સંગઠ્ઠનને વધુ ચેતનવંતુ બનાવવા, હતાશામાં ગરકાવ થયેલા કાર્યકરોમાં જોમ-જુસ્સો ભરવા સહિતના વિવિધ વિષયોને લઈ ચર્ચા કરવામાં આવશે. આ ચિંતન બેઠકમાં પેજ સમિતિઓના ગઠન તેમજ સંગઠ્ઠનની ચાલી રહેલ સભ્ય નોંધણી ઝુંબેશ, જિલ્લાની રાજકીય સ્થિતિ, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સહિત ઘણા બધા વિષયોને આવરી લેવામાં આવ્યા છે. આ ચિંતન શિબિરમાં પ્રદેશ નેતાઓ, ધારાસભ્યો, જિલ્લાના પ્રભારીઓ તેમજ સંગઠ્ઠનના હોદ્દેદારો અને કર્મઠ કાર્યકરોને આમંત્રણ આપવામાં આવ્યુ છે.

# ગુડા પડતર રહેલા આવાસોનો ડ્રો કરવામાં વિલંબ કરતા લાભાર્થીઓમાં આક્રોશ

**કુડાસણ, રાયસણ સહીતની વિવિધ આવાસ યોજનામાં પડતર આવાસોને ફાળવવા માટે અરજીના લાંબા સમય બાદ પણ ડ્રો કરી ફાળવવામાં આવ્યા નથી જેના લીધે આવાસો બિન ઉપયોગી આવાસો કંગાળ બનવા તરફ**

ગાંધીનગર તા ૯

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા દાયકા પુર્વે ચિલોડા, અડાલજ અને રાયસણમાં એલ આઈ જી આવાસોનુ નિર્માણ કરાયુ હતુ જયારે કુડાસણમાં પણ અગાઉ એમ આઈ જી મકાનો બાંધવામાં આવ્યા હતા. પરંતુ આ આવાસ યોજના અન્વયે પડતર આવાસોને ડ્રોથી ફાળવવાની પ્રક્રીયા લાંબા સમયથી હજુ અધ્ધરતાલ છે. જેના લીધે ૧૪૧ જેટલા મકાનો માટે લાભાર્થીઓ અરજી કરી આવાસની વાટે છે પરંતુ છેલ્લા બે મહીનાથી આવાસોનો ડ્રો કરવાની પ્રક્રીયા વિલંબમાં પડતા લાભાર્થીઓમાં પણ રોષ પ્રવર્તયો છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રાયસણ , ચિલોડા અને અડલજ સહીતના વિસ્તારમાં એલ અઈ જી આવાસોનુ નિર્માણ કરાયુ હતુ. આ ઉપરાંત કુડાસણમાં પણ એમ આઇ જી આવાસોનુ નિર્માણ કરાયુ હતુ પરંતુ કુડાસણમાં આવાસોના નિર્માણના અંતે હજુ ઘણાં આવાસો ખાલી રહ્યા છે. જેના ડ્રો માટે લાંબા સમયના અંતે પણ કોઈ પ્રક્રીયા હાથ ધરવામાં આવી નથી. આવાસોના ડ્રો માટે મુખ્યમંત્રી

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં જોખમી આવાસોના કડુસલા બાદ ખુલ્લી જગ્યામાં દબાણોનો અડ્ડો

**જોખમી મકાનો તોડીને નવા આવાસો બાંધવા માટે ઝડપથી આયોજન કરવામાં આવતુ નથી જેના લીધે ભયજનક આવાસો દુર કરાયા બાદ લાંબા સમયના અંતે પણ ખુલ્લી જગ્યા બિન ઉપયોગી પડી રહેતા દબાણકર્તાઓના ધ્યાને ચઢે છે**

ગાંધીનગર તા ૯

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તોડવામાં આવી રહ્યા છે. શહેરમાં ચાર પાંચ દાયકાથી જુના આવાસો પૈકી હાલની સ્થિતિએ ૪૫૦૦ જેટલા જોખમી મકાનો છે. પરંતુ આવાસોનો કડુસલો કરવાની સાથે સામે નવા આવાસો બાંધવા માટેનુ આયોજન ઝડપથી થતુ નથી જયારે બીજીતરફ જુના આવાસો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. પરંતુ ખુલ્લી જગ્યામાં નવી કોઈ કામગીરીના અભાવ વચ્ચે દબાણોની સમસ્યા પણ તંત્ર માટે પેચીદી બની છે. સે-૧૬ માં પણ છેલ્લા ઘણાં સમયથી આવાસો તોડવામાં આવ્યા બાદ મોટી જગ્યા ખુલ્લી થઈ છે. પરંતુ નવા આવાસો બાંધવા માટે કોઈ આયોજન કરવામાં આવતુ નથી.

ગાંધીનગર શહેરના સેકટરોમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના ભયજનક હાલતમાં છે. હાલની સ્થિતિએ પણ અંદાજિત ૪૫૦૦ જેટલા મકાનો જોખમી સ્થિતિમાં છે. જેના લીધે માર્ગ મકાન વિભાગ હસ્તક રહેણાંકને લાયક મકાનો નથી બીજીતરફ તંત્રના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ દિવસે દિવસે મોટી થતી જાય છે. શહેરમાં છેલ્લા દોઢ દાયકાથી જોખમી આવાસોનો કડસુલો કરવામાં આવી રહ્યો છે. જયારે ભયજનક મકાનો તોડી પાડવામાં આવ્યા બાદ વર્ષોના અંતે સ્થળ પર ખાલી જગ્યા પણ ઉપલબ્ધ થાય છે. સેકટરોમાં નિર્માણ કરાયેલા સરકારી આવાસો ચાર થી પાંચ દાયકા જુના છે. જેના લીધે હાલ મોટાભાગના મકાનો કંગાળ સ્થિતિમાં છે. ત્યારે જુના તોડીને તેના સ્થાને રહેણાંક માટે નવા ટાવરોનુ પણ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. હાલ સે-૬ અને સે-૨૯ માં નવા આવાસો બાંધવાની કાર્યયોજના પર કામ પણ ચાલી રહ્યુ છે. જયારે અગાઉ પણ પ્રથમ તબક્કામાં સે-૭ અને સે-૨૯ તેમજ સે-૩૦ માં નવા આવાસો બાંધવામાં આવ્યા હતા જેમાં હાલ કર્મચારીઓ તેમજ તેમના પરિવારોનો વસવાટ પણ છે. પરંતુ સેકટરોમાં એકબાજુ ભયજનક મકાનો તોડવાની સાથે નવા આવાસો બાંધવાનુ કામ ઝડપથી હાથ ધરવામાં આવતુ નથી જેના લીધે સેકટરોમાં અસ્તિત્વમાં આવતી ખાલી જગ્યાઓ પર દબાણનો પ્રશ્ન વધુ પેચીદો બની રહ્યો છે. આમ પણ શહેરના મુખ્યમાર્ગો તેમજ જાહેર સ્થળો સહીત રહેણાંક વિસ્તારમાં પણ બિન્દાસ્ત રીતે દબાણો ખડકી દેવામાં આવે છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં જુના અને જર્જરિત આવાસોનો નિકાલ કરાયા બાદ જગ્યા ખુલ્લી થતા એક યા બીજી રીતે આ ખાલી જગ્યા દબાણની ચુંગાલમાં આવી જાય છે. સે-૧૬ માં પણ જુના અને જોખમી આવાસો તોડવામાં આવ્યા બાદ હાલ મોટા પ્લોટ ખુલ્લા થયા છે. પરંતુ આ ઠેકાણે હજુ સુધી નવા આવાસો કે અન્ય કોઈ યોજના સંદર્ભે કામ હાથ ધરવામાં આવ્યુ નથી જેના લીધે આગામી દિવસોમાં દબાણો અસ્તિત્વમાં આવવાની સંભાવના છે. શહેરમાં જુના અને જોખમી આવાસો ની સંખ્યા વધુ છે. જેના લીધે સેકટરોમાં આવાસોનો કડુસલો કરાયા બાદ ખાલી જગ્યાની ઉપલ્ધીના અભાવે પણ નવા આવાસો બાંધવા માટે ઝડપથી આયોજન કરવામાં આવતુ નથી આ સ્થિતિ વચ્ચે વર્ષે માંડ ૩૦૦ જેટલા નવા મકાનોનુ કામ પણ માંડ પુરુ થાય છે. ખુલ્લી જગ્યાને અનુલક્ષી વિભાગ કક્ષાએથી પણ ત્વરિત આયોજન કરવામાં આવે તેવી પણ સ્થાનિકોએ માંગ ઉઠાવી છે.

**ધો -૧૦માં હિન્દીની પરીક્ષા શરૂ થતા જ**

# પેપરના જવાબો સોશિયલ મિડિયામાં વાયરલ થયા

**હિન્દી વિષયમાં જિલ્લામાંથી ૧૦૬૫૫ પરીક્ષા આપી જયારે ૩૫૭ ગેરહાજર રહ્યા : સોલ્વ કરેલુ પેપર સોશિયલ મીડીમાં ફરતુ થયુ : બોર્ડના અધિકારીઓએ કહ્યુ તપાસના અંતે કાર્યવાહી કરીશુ : પરીક્ષાના અંતે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આક્રોશ**

ગાંધીનગર તા ૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૦ ના વિદ્યાર્થીઓ માટે હીન્દી વિષયની પરીક્ષા લેવામાં આવી હતી જેમાં પરીક્ષા શરૂ થયાના અડધો કલાક જેટલા સમયમાં જ પ્રશ્નપત્રના જવાબો સોશિયલ મીડીયામાં વાઇરલ થવાની ફરિયાદો ઉઠવા પામી હતી આ મામલે ગેરરીતી થઈ હોવાનો પ્રબળ આક્રોશ પણ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉઠવા પામ્યો છે. જયારે આ અંગે યોગ્ય તપાસના અંતે કાયદેસરની કાર્યવાહી કરાશે તેમ પણ બોર્ડના અધિકારીઓએ જણાંવ્યુ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૦ અને ૧૨ માં સંસ્કૃત, હીન્દી અને કોમ્પ્યુટર જેવા વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ધો -૧૦ સંસ્કૃત વિષયમાં ૧૨૦૬૫ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા જયારે ૨૩૧ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. જયારે ધો -૧૦ માં ૧૦૬૫૫ વિદ્યાર્થીઓએ હીન્દીની પરીક્ષા આપી હતી જેમાં ૩૫૭ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. આ ઉપરાંત ચિત્ર માં ૩ અને કોમ્પ્યુટર વિષયમાં પણ ૨૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. અત્યાર સુધી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થઈ છે. જો કે ધો -૧૦ માં અગાઉ સામાજિક વિજ્ઞાનના પ્રશ્નપત્રમાં એક કોપી કેસ નોંધાયો હતો જયારે આજે ધો -૧૦ માં હીન્દી વિષયનુ પેપર ઉત્તરો સાથે સોશિયલ મીડીમાં ફરતુ થઈ ગઈ હોવાની ફરિયાદો ઉઠી હતી પરીક્ષા શરૂ થયાના અડધો કલાક બાદ જ આ પ્રકારની હરકત સામે આવતા સંસ્કૃતનુ પેપર ફુટી ગયુ હોવાના મેસેજીસ સોશિયલ મીડીયમાં ફરતુ થઈ ગયા હતા. ધો -૧૦ માં હીન્દીના પેપરમાં પુછાયેલા પ્રશ્નો હાથથી લખાયેલા જવાબ સોશિયલ મીડીયામાં વોટસ એપ મારફતે વાઈરલ થતા શિક્ષણ બોર્ડના અધિકારીઓ પણ આ મામલે

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## રાજયમાં કોરોનાના કેસમાં ઉછાળો : નવા ૩૪ કેસ નોંધાયા

**અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૯૬૯ નાગરિકો કોરોનાને મ્હાત આપી, જેના પગલે રિકવરી રેટ ૯૯.૧૦ ટકા થયો**

ગાંધીનગર, તા.૯

રાજ્યમાં આજે કોરોનાના નવા ૩૪ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૬ દર્દીઓ સાજા પણ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૯૬૯ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકાએ પહોંચી ચુક્યો છે. રાજ્ય સરકાર રસીકરણના મોરચે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજના દિવસમાં કુલ ૩૪,૧૫૭ રસીના ડોઝ અપાયા છે.

બીજી તરફ જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૧૧૪ એક્ટિવ કેસ છે. જો કે કોઈ પણ નાગરિક વેન્ટિલેટર પર નથી. જ્યારે ૧૧૪ દર્દી સ્ટેબલ છે.

આ ઉપરાંત અત્યાર સુધીમાં ૧૨,૧૨,૯૬૯ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે કુલ ૧૦,૯૪૨ નાગરિકોના મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે એક પણ નાગરિકનું મોત નથી નિપજ્યું. નવા નોંધાયેલા કેસની વાત કરીએ તો ગાંધીનગર કોર્પોરેશન ૨૩, અમદાવાદ કોર્પોરેશનમાં ૮, વડોદરા કોર્પોરેશન ૨ અને ગાંધીનગરમાં ૧ કેસ નોંધાયો છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com